# ખેતી નિયામકશ્રીની કચેરી

# કૃષિભવન, ગાંધીનગર.

# તાલીમ અને મુલાકાત શાખા

# પ્રકરણ-૧ પ્રસ્તાવના

- ભારત સરકારશ્રીએ તા.૧૨/૧૦/૨૦૦૫થી અમલમાં આવેલ તે પ્રમાણે માહિતી અધિકાર અધિનીયમ, ૨૦૦૫ની રચના કરેલ છે જે મુજબ ભારતનો કોઇ પણ નાગરિક નિયત ફી ચૂકવી અથવા ગરીબી રેખાથી નીચે જીવતો હોય તો વિના મૂલ્યે સરકારશ્રી પાસેથી માહિતી માગી શકે છે.
- આપુસ્તિકા દ્વારા ખેતી ખાતાને લગતી માહિતી નાગરિકો મેળવી શકે તે અંગેની વિગત આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.
- આ પુસ્તિકા માહિતી મેળવવા ઇચ્છતા ભારતના કોઇપણ નાગરિકને ઉપયોગી નીવડશે.
- આ પુસ્તિકામાં પ્રકરણ ૧ થી ૧૭માં માહિતી પત્રકવાર અને અથવા મુદ્દાવાર આપવામાં આવેલ છે. સદરહુ માહિતી અધ્યતન કરવામાં આવી રહી છે.
- આ અંગે માહિતી આર.ટી.આઇ.એક્ટ ૨૦૦૫ની ગુજરાતી નકલમાં તેમજ આ અંગેના નિયમો દર્શાવવામાં આવેલ છે. તે મુજબ વ્યાખ્યાઓ ધ્યાને લેવાની રહેશે.
- આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્યપધ્ધતિ કઇ માહિતી માગી છે તેના આધારે કહી શકાશે. અરજી પત્રકની ફી રૂ.૨૦.૦૦ છે અને એક પાનાદીઠ માહિતીના રૂ.૨.૦૦ તેમજ સીડી અથવા ફ્લોપીમાં માહિતી માટે રૂ. ૫૦.૦૦ ફી પેટે ચૂકવવાના રહેશે. ગરીબી રેખાની નીચે જીવતા નાગરિકે કોઇપણ પ્રકારની ફી ચૂકવવાની રહેતી નથી પરંતુ પોતે ગરીબી રેખા હેઠળ જીવે છે તે અંગેનો આધાર રજુ કરવાનો રહેશે.

## પ્રકરણ-૨ શાખાની વિગતો, કાર્યો અને ફરજો

### યોજનાનું નામ : એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા)

એગ્રીકલ્ચરલ ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી એ જીલ્લા કક્ષાએ કાર્યરત રજીસ્ટર્ડ સોસાયટી છે જે જીલ્લાના ટકાઉ કૃષિ વિકાસ માટે જીલ્લાની તમામ કૃષિ સંલગ્ન સંસ્થાઓની સાથે રહીને ખુડૂતોના સર્વાંગી વિકાસ માટે કામ કરે છે. આ યોજનાનું મુખ્ય કાર્ય જીલ્લાની તમામ સંશોધન અને વિસ્તરણ પ્રવૃતિઓનું સંકલન કરવું તેમજ પબ્લીક એગ્રીકલ્ચર ટેકનોલોજી વ્યવસ્થાનું વિકેન્દ્રીકરણ કરવાનું છે.

આપણા રાજયમાં આ યોજના પ્રાયોગિક ધોરણે ૨00૫માં અમલમાં આવી હતી. વર્ષ ૨007-0૮થી તમામ જીલ્લામાં અમલમાં આવેલ છે. 'આત્મા' યોજના હેઠળ જીલ્લાના તમામ તાલુકા તથા ગામોના ખેડૂતો માટે તેમની જરૂરિયાત આધારિત પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે ગ્રામ્ય કક્ષાએ જાહેર સંસ્થાઓ, ખાનગી સંસ્થાઓ, એનજીઓ, પેરા એક્સ્ટેન્શન વર્કર અને પ્રાઈવેટ ઈનપુટ ડીલરના સહિયારા પ્રયત્નોથી ગામોમાં જુદા જુદા રસ ધરાવતા ખેડૂતોના જૂથો (ફાર્મર્સ ઈન્ટરેસ્ટ ગૃપ્સ)ની રચના કરવી એ પાયાની પ્રવૃત્તિ છે.

આ યોજનામાં હેતુઓ નીચે મુજબ છે :

(1) કૃષિ વિસ્તરણ શિક્ષણની પ્રવૃતિઓ તથા નવા નવા સંશોધનો ખેડૂતોની જરૂરિયાત મુજબ ખેડૂતો સુધી પહોંચાડવા.

(૨) ખેડૂતોની પોતાની ભાગીદારીથી પોતાની રીતે જ પોતે ઈચ્છે તે પ્રકારના નિર્ણયો લઈ શકે તે માટે સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું.

(૩) કૃષિ વિકાસ સાથે સંકળાયેલા તમામ સરકારી, અર્ધસરકારી, બિન સરકારી, વ્યાપારી ખેડૂત સંગઠનો તેમજ કૃષિ, બાગાયત, પશુપાલન, મત્સ્યઉદ્યોગ જેવા ખાતાઓનું સંકલન સાધવું.

આમ ઉ૫રોકત બાબતો જોઈએ તો આત્મા મુખ્યત્વે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી (કૃષિ સંશોધનો ખેડૂતો સુધી પહોંચાડવા)નું કામ કરે છે. અગાઉના સમયમાં કૃષિ વિસ્તરણ માટે સામુદાયિક વિકાસ યોજનાઓ નેશનલ ડેમોન્સ્ટ્રેશન, તાલીમ અને મુલાકાત યોજના વગેરે કાર્યરત હતી. આત્મા યોજનામાં સરકારી એજન્સીઓની સાથે નવા પીપીપી મોડના અભિગમ મુજબ પ્રાઈવેટ સંસ્થાઓને સાથે સાંકળી કામગીરી કરવામાં આવે છે.

વર્ષ ૨010 થી તે સપોર્ટ ટુ સ્ટેટ એક્ષટેન્શન પ્રોગ્રામ ફોર એક્ષટેન્શન રીફોર્મ હેઠળ મોડીફાઈડ આત્મા યોજના અમલમાં મુકવામાં આવેલ જેનો મુખ્ય હેતુ કૃષિ વિસ્તરણના તંત્રને મજબુત કરી અને કૃષિ વિસ્તરણને લગતી વિવિધ પ્રવૃતિઓ આત્મા હેઠળ આવરી લેવાનો હતો. ૧૨મી પંચવર્ષીય યોજનામાં નેશનલ મિશન ઓન એગ્રીકલ્ચરલ એક્ષટેન્શન એન્ડ ટેકનોલોજી (NMAET) ની સ્થાપના કરવામાં આવી. NMAET હેઠળ આત્મા યોજના સબ-મિશન ઓન એગ્રીકલ્ચરલ એક્ષટેન્શનના ભાગરૂપે કાર્યરત છે. આ યોજના માટે ભારત સરકાર ૬0% ગ્રાન્ટ આપે છે. જયારે રાજય સરકારનો ફાળો ૪0% હોય છે.

જીલ્લા કક્ષાએ જીલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને આત્મા ગવર્નીંગ બોર્ડ કામગીરી કરે છે જે જીલ્લાની આત્માની તમામ પ્રવૃતિઓનું અમલીકરણ, મોનીટરીંગ અને સંચાલન કરે છે.

- આ યોજનામાં મુખ્યત્વે ખેડૂતો માટે નીચેની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છેઃ
- ખેડુતોને તાલીમ : જીલ્લાની અંદર, રાજયની અંદર તેમજ રાજય બહાર જુદા જુદા વિષયોની તાલીમ ખેડૂતોને આપવામાં આવે છે.
- પ્રેરણા પ્રવાસ (એક્ષ્પોઝર વિઝિટ) : ખેડૂતો નવી ટેકનોલોજી જાણે અને પોતાના ખેતરમાં અપનાવે તે માટે જીલ્લાની અંદર, રાજયની અંદર અને રાજય બહારના પ્રેરણા પ્રવાસ આ યોજના હેઠળ યોજવામાં આવે છે.
- નિદર્શન (ડેમોન્સ્ટ્રેશન) : કૃષિ યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ નવા સંશોધનો ફાયદાકારક છે કે કેમ તે જાણી શકે તે માટે ખેડુતોના ખેતરમાં જુદા જુદા પાકમાં તેમજ જુદા જુદા વિષયના નિદર્શનો ગોઠવીને ખેડુતોને પ્રત્યક્ષ માર્ગદર્શન આપવામાં આવે છે.
- પ્રદર્શન / કૃષિ મેળો વગેરે : ખેડુતો નવી ટેકનોલોજીની અદ્યતન જાણકારી મેળવી શકે તે માટે દરેક જીલ્લા અને રાજયકક્ષાએ જુદા જુદા પ્રદર્શન / કૃષિ મેળા યોજીને ખેડુતોને પ્રત્યક્ષ બતાવવામાં આવે છે.
- ખેડુતોની વૈજ્ઞાનિકશ્રીઓ સાથે કૃષિ ગોષ્ઠિ : વૈજ્ઞાનિકશ્રીઓના સંશોધનો ખેડુતો જાણી શકે અને તેમની જે સમસ્યાઓ છે તેની ચર્ચા વૈજ્ઞાનિકશ્રીઓ સાથે થઈ શકે તે માટે આ પ્રકારની કિસાન ગોષ્ઠિ પણ ગોઠવવામાં આવે છે.

ખેડુતો પોતે પોતાની કોઠાસુઝથી નવી નવી બાબતો અપનાવે અને પોતાની રીતે સારી કામગીરી કરે તેવા ખેડુતોને બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ પણ આપવામાં આવે છે. તેમાં તાલુકા કક્ષાએ, જીલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ રૂા.10000/- થી 50000/- સુધી એવોર્ડ આપવામાં આવે છે.

## પ્રકરણ-૩ અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

| અ.નં. | અધિકારી/કર્મચારીનો હોદ્દો | નાણાંકીય સત્તા | વહીવટી સત્તા | અન્ય સત્તા | ફરજો |
|---|---|---|---|---|---|
| ૧. | અધિક ખેતી નિયામક (વિ.) | | | | યોજના અમલીકરણ |
| ૨ | સંયુક્ત ખેતી નિયામક (એ.સે.) | | | | |
| ૩. | નાયબ ખેતી નિયામક (એગ્રો) | | | | |
| ૪. | મદદનીશ ખેતી નિયામક (એગ્રો) | | | | |
| ૫. | ખેતી અધિકારી (એગ્રો) | | | | |

## પ્રકરણ-૪

## કાર્યો કરવા માટેના નિયમો, વિનિમયો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો

(૧) ગુજરાત સિવિલ સર્વીસ રૂલ્સ

(૨) સરકારશ્રીના ઠરાવ

(૩) એસ.ઓ.ફાઇલ

(૪) પરિપત્ર

## પ્રકરણ-૫

**નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ- પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઇ વ્યવસ્થા હોય તો તેની વિગત**

-----------નથી----------

## પ્રકરણ-૬

**જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓઅંગેનુ પત્રક-**

-------નથી-----

## પ્રકરણ-૭

**યોજનાના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક-**

----------નથી----------

# પ્રકરણ-૮

## જાહેર માહિતી અધિકારીનું નામ, હોદ્દો અને અન્ય વિગતો

- શ્રી મહેશ બી. પટેલ,
  સંયુક્ત ખેતી નિયામક (એસ.એ.)-વ- એપેલેટ ઓથોરીટી
  ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન,
  ચ-રોડ, સેક્ટર ૧૦-એ,
  સંપર્ક- ૦૭૯-૨૩૨-૫૬૧૬૪

- શ્રી કે.જે દેસાઈ
  નાયબ ખેતી નિયામક (તાલીમ)ઇ.ચા.-વ-જાહેર માહિતી અધિકારી
  રૂમ નં-.૩૧૪,તાલીમ અને મુલાકાત શાખા,
  ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન,
  ચ-રોડ, સેક્ટર ૧૦-એ,
  સંપર્ક- ૦૭૯-૨૩૨-૫૬૧૬૪

- શ્રી જે.પી.પટેલ
  મદદનીશ ખેતી નિયામક (પા.સં)-વ- મદદનીશ જાહેર માહિતી અધિકારી
  રૂમ નં-.૩૨૬,તાલીમ અને મુલાકાત શાખા,
  ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન,
  ચ-રોડ, સેક્ટર ૧૦-એ,
  સંપર્ક- ૦૭૯-૨૩૨-૫૬૧૬૬

## પ્રકરણ-૯

# નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

૧. નોંધ

૨. મુસદ્દો મંજૂર કરાવવો

૩. અમલીકરણ

૪. નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી ખાતાના વડા છે.

નિર્ણય લેવાની સત્તા નીચે મુજબ છે.

ખેતી નિયામક

↑

અધિક ખેતી નિયામક

↑

સંયુક્ત ખેતી નિયામક

↑

નાયબ ખેતી નિયામક

↑

મદદનીશ ખેતી નિયામક

↑

ખેતી અધિકારી

↑

સીનીયર હેડ/કલાર્ક

# પ્રકરણ-૧૦

# અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી

| ક્રમ | અધિકારી અને કર્મચારીનુ નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી ડી.વી.બારોટ | અધિક ખેતી નિયામક (વિસ્તરણ) |
| ૨. | શ્રી એમ.બી.પટેલ | સંયુક્ત ખેતી નિયામક (એસ.એ.) |
| ૩. | શ્રી બી.એ.પટેલ | નાયબ ખેતી નિયામક (એગ્રો) |
| ૪ | સુશ્રી પલક બી. પટેલ | મદદનીશ ખેતી નિયામક (એગ્રો) |
| ૫. | શ્રી એચ.એ.પ્રજાપતિ | ખેતી અધિકારી (એગ્રો) |

# પ્રકરણ-૧૧

## વિનિયમોમાં જોગવાઇ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારીઓ અને કર્મચારીને મળતુ માસિક મહેનતાણુ

| ક્રમ | અધિકારી અને કર્મચારીનો હોદો | પગાર |
|---|---|---|
| ૧ | સંયુક્ત ખેતી નિયામક (એસ.એ) | ૭૮૮૦૦ (લેવલ ૧૨) |
| ૨. | નાયબ ખેતી નિયામક (એગ્રો) | ૬૭૭૦૦ (લેવલ ૧૧) |
| ૩. | મદદનીશ ખેતી નિયામક (એગ્રો) | ૫૩૧૦૦ (લેવલ ૯) |
| ૪. | ખેતી અધિકારી | ૪૬૨૦૦ (લેવલ ૭) |

# પ્રકરણ-૧૨

## શાખાને ફાળવેલ અંદાજપત્ર

| યોજનાનું નામ | બજેટ જોગવાઈ (૨૦૧૮-૧૯) | મંજુર થયેલ પ્લાન |
|---|---|---|
| આત્મા-Normal | ૬૦૬૦.૦૦ લાખ | ૬૦૬૦.૦૦ લાખ |
| આત્મા-SCPSC | ૨૯૫.૦૦ લાખ | ૨૭૨.૦૦ લાખ |
| આત્મા-TSP | ૯૨૭.૦૦ લાખ | ૮૬૦.૦૦ લાખ |
| સમેતિ ખાતે માહિતી અને સંદેશા વ્યવહાર કેન્દ્રની સ્થાપના યોજના | ૧૨.૬૫ લાખ | ૧૨.૬૫ લાખ |

## પ્રકરણ-૧૩

## સહાયકો કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ

## પ્રકરણ-૧૪

## આવેલ રાહતો, પરમિટ કે અધિકૃત મેળવનારની વિગતો

---માહિતી શુન્ય છે.---

## પ્રકરણ-૧૫

## કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણો

-----------નથી----------

## પ્રકરણ-૧૬ વીજાણુરૂપે ઉપલબ્ધ માહિતી

**યોજનાની માહીતી ખાતાની વેબસાઇટ ઉપર મુકવામાં આવી રહી છે.**

## પ્રકરણ-૧૭

## માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

૧. નોટીસ બોર્ડ

૨. પ્રો-એક્ટીવ ડીસ્ક્લોઝર